સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સના અમલીકરણમાં અસરકારક મોનીટરીંગ અનિવાર્ય : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ કલોલ, માણસા અને દહેગામ ન.પા. વિસ્તારમાં પ્લાસ્ટીક નિયંત્રણ ધારાનો અસરકારક અમલ કરવા માટે આજે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ તાકીદ કરી છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અમલીકરણની સમીક્ષા બેઠકમાં તેમણે જાહેરમાં શૌચક્રિયા કરી ગંદકી ફેલાવતા ઈસમો સામે પણ દંડનીય કાર્યવાહી કરવાની કામગીરી સઘન બનાવવા પર તેમણે ખાસ ભાર મુક્યો હતો. આ દંડની કાર્યવાહી ખુબ ઓછી હોવાને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

શહેરના આંતરિક રસ્તાઓની સફાઈ પણ નિયમિત થાય તેમજ વરસાદી પાણીના નિકાલની સાથે સાથે જાહેર સ્વચ્છતા પણ જળવાઈ રહેવી જોઈએ તેવી સૂચનાઓ કલેક્ટરે આપી હતી. ખાસ કરીને નગરપાલિકા વિસ્તારોમાં સફાઈ કામગીરી નબળી થતી હોવાનું જણાવી તેમણે આ માટે અસરકારક મોનીટરીંગ થાય તે જોવા જણાવ્યુ હતુ.

સેગ્રીગેશન કરેલા ઘન કચરાનું કલેક્શન થાય અને તેનો યોગ્ય નિકાલ ઝડપથી થાય તે જોવા સૂચનાઓ આપી હતી.

જાહેર શૌચાલયોની સ્વચ્છતા પણ એટલી જ અગત્યની છે અને તેનુ નિયમિત મોનીટરીંગ થાય એટલુ જ નહિ નિયમિત આ શૌચાલયોને પાણી પુરવઠો મળતો રહે તે જરૂરી છે. જાહેરમાં શૌચક્રિયા કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી સઘન કરવામાં આવે તેમજ આ માટે લોકોમાં પણ જાગૃતિ આવે તેવુ અભિયાન કરવા પર તેમણે ભાર મુક્યો હતો.

સેક્ટર-૧૫ કોલેજ ખાતે સ્નેહમિલન કાર્યક્રમ

સેક્ટર-૧૫ કર્મભૂમી મેદાનમાં 'મિત્ર સ્નેહમિલન' યોજાયુ હતુ. આ મેદાનમાં છેલ્લા ૨૫ વર્ષમાં ૯ હજાર જેટલા યુવાનો ખૂબ જ મહેનત કરી ગુજરાતના જુદા જુદા વિભાગમાં વર્ગ-૧, ૨, ૩ વર્ગમાં ફરજ બજાવી રહ્યા છે. જુદા જુદા વિભાગોમાં કામ કરતા નોકરીની વ્યસ્તતાને કારણે મેદાનના સિનિયર મિત્રોની આગેવાનીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. છેલ્લા ૨૫ વર્ષમાં સેક્ટર-૧ પના મેદાને ૯ હજાર જેટલા યુવાનો એક પરિવારમા રહીને મહેનત કરી હતી. જેઓનું સ્નેહમિલન કાર્યક્રમ યોજાયું હતું.

કુરુક્ષેત્રના મહંત ગંગાસાગર ભારતીજી કૈલાસવાસી થતાં ઘેરા શોકની લાગણી

ગાંધીનગર, તા. ૨૧

પંચાયતી મહાનિર્વાણી અખાડાના પૂર્વ સચિવ અને મહંત ગંગાસાગર ભારતીજી અનંત યાત્રાએ લિન થઈ ચુક્યા છે. ૨૦ ઓગષ્ટના રોજ રાત્રે ૧ વાગે અંતિમ શ્વાસ લઈને પોતાના શિષ્યો સહિત અખાડાના સંતોનો સાથ છોડીને ભગવાન ભોળાનાથના શરણમાં સ્થાન મેળવ્યુ છે. તેમનો કુરુક્ષેત્ર ખાતે પોતાનો આશ્રમ હતો. તેમના અખાડા દ્વારા પોતાના નેતૃત્વ હેઠળ તેમને હોસ્પિટલ અને શાળાનું

નિર્માણ કરાવેલ જેથી ગરીબ બાળકો ભણી શકે અને તમામ વર્ગના લોકો, હોસ્પિટલમાં સારવાર લઈ શકે, કુંભ મેળામાં તેમનું મહત્વનુ યોગદાન રહેતુ હતુ. મહેસાણા ખાતે પાલજ ગામે અખાડાના ગાદીપતિ તરીકે તેમની સેવાઓનો લાભ પણ પાલજ સહિત મહેસાણા શહેરીવાસીઓને મળેલો છે. મહંત ગંગાસાગર ભારતીજીના અવસાનથી સમગ્ર સંત સમાજ સહીત તેમના અનુયાયીઓ ઘેરા શોકમાં છે.

તિરાડ તો પડે જ હો... ઈ પછી ધરા હોય કે સંબંધ... ચાંગળુક પાણીનો અને લાગણીનો સ્ત્રાવ પણ જો સતત ન થાય... તો પછી તિરાડ તો પડે જ હો...

પ્રુડેન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

ભારતમાં સૌથી મોટી સ્વતંત્ર રિટેલ વેલ્થ મેનેજમેન્ટ સર્વિસીસ ગ્રૂપ (બેંકો અને બ્રોકર્સ સિવાય) પૈકીનું એક અને એસેટ્સ અંડર મેનેજમેન્ટ ("એએયુએમ")ની દ્રષ્ટિએ ટોચના મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર્સ પૈકીનું એક પ્રુડેન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ લિમિટેડ ("પીસીએએસએલ" અથવા "કંપની")એ સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું છે.

કંપની ટેકનોલોજી અનેબલ્ડ, વિસ્તૃત રોકાણ અને નાણાકીય સેવાઓ પ્રદાન કરતું પ્લેટફોર્મ પૂરૂ પાડે છે, જે ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને માધ્યમો પર નાણાકીય ઉત્પાદનોનું વિતરણ અને સેવાઓ પૂરી પાડવા માટે સંપૂર્ણ સમાધાન ઓફર કરે છે. પીસીએએસએલ સૌથી વધુ ઝડપથી વિકસતી રાષ્ટ્રીય સ્તરની ડિસ્ટ્રિબ્યુટર છે (ટોચના ૧૦ મ્યુચ્યુઅલ ફંડ વિતરકો પૈકીની એક) છે, જેણે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પૂર્ણ થયેલા પાંચ વર્ષમાં કમિશન અને એએયુએમમાં અનુક્રમે ૩૪.૪ ટકા અને ૩૨.૫ ટકાના સીએજીઆર સાથે વૃદ્ધિ કરી છે. કંપની માને છે કે તેઓ છેલ્લાં બે દાયકાથી એસેટ મેનેજમેન્ટ કંપનીઓ ("એએમસી") અને મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર્સ કે સ્વતંત્ર નાણાકીય સલાહકારો ("એમએફડી") (અને એક્ષ્ટેન્શન દ્વારા એમએફડી જેવા પાસેથી સેવાઓનો લાભ મેળવવા રિટેલ રોકાણકારો). તેઓ સ્વતંત્ર પ્લેટફોર્મ છે, જેમાં કોઈ એક એએમસી ૩૧ મે, ૨૦૨૧ સુધી અમારી એયુએમના ૧૫ ટકાથી વધારે પ્રદાન કરતી નથી.

આઈપીઓ પ્રુડેન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ લિમિટેડના પાંચ રૂપિયાની ફેસ વેલ્યુ ધરાવતા ૮,૫૪૯,૩૪૦ ઈક્વિટી શેર સામેલ છે, જેમાં વેગનર લિમિટેડ દ્વાર ૮,૨૮૧,૩૪૦ ઈક્વિટી શેરના વેચાણ અને શિરિષ પટેલ દ્વારા ૨૬૮,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. આ ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓની ખરીદી માટે રિઝર્વેશન સામેલ છે ("એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન").

ગાંધીનવગરમાં ઝુંપડપટ્ટીનું દબાણ ગમે તેટલું હટાવો ફરીથી દબાણો થઈ જ જાય છે. પરપ્રાંતિય મજૂરો અને મકાનોનું ભાડુ ન ભરી શકતા ગરીબો ઝુંપડાબાંધીને રહે છે. તેઓને એક જગ્યાએથી હટવાય તો બીજી જગ્યાએ તેઓ ઝુંપડા બનાવી નાંખે છે. સેકટર-૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી સામે છેલ્લા કેટલાય સમયથી ઝુંપટપટ્ટીનું દબાણ વધતું જાય છે. જેના કારણે અહીં ગંદકી પણ ખૂબ જ વધી છે. વસાહતીઓએ દબાણો દૂર કરવા માંગ કરી છે.

જુનાડીસા હાઈવે પર બમ્પ બનાવવાની પ્રબળ લોક માંગ

રોડના નવીનીકરણ બાદ માર્ગ અકસ્માતના બનાવોમાં વધારો

વાહનોની ઝડપને નાથવા પોલીસ પોઇન્ટની પણ જરૂરીયાત

ડીસા, તા.૨૧

ડીસા- પાટણ હાઈવે ઉપર આવેલ જુનાડીસા ગામના દ્વિમાર્ગીય હાઈવે રોડનું હાલમાં નવીનીકરણનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. જે રોડ નવો બનતા વાહન ચાલકો બેફામ ઝડપે વાહનો હંકારવા લાગ્યા છે. જેના કારણે માર્ગ અકસ્માતના બનાવોમાં પણ ચિંતાજનક હદે વધારો થયો છે. જેના પગલે ગામના અકસ્માત ઝોન બનેલા ચાર અને ત્રિમાર્ગીય રોડ ઉપર બમ્પ બનાવવાની પ્રબળ લોક લાગણી ઉભી થવા પામી છે.

બનાસકાંઠા જિલ્લાને પાટણ જિલ્લો અને છેક કાઠિયાવાડને જોડતો એકમાત્ર ડીસા - પાટણ હાઈવે રાત દિવસ વાહનોના ઘસારાથી ધમધમતો રહે છે. પરંતુ રોડ જર્જરિત બનતા તાજેતરમાં આસેડાથી નવા રોડ બાદ હાલમાં જુનાડીસા રોડનું નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે. જે નવો રોડ આલીશાન બનતા વાહન ચાલકો બેફામ ઝડપે વાહનો હંકારે છે. જેના પગલે માર્ગ અકસ્માતની ઘટનાઓમાં ચિંતાજનક હદે વધારો થયો છે. જેમાં અનેક માનવ જીંદગીઓ અકાળે મુરઝાવા સાથે કેટલાક કાયમી દિવ્યાંગ બની લાચારીભર્યું જીવન જીવવા મજબૂર બન્યા છે. જેથી ગ્રામજનોના જીવ પડીકે બંધાયા છે. આ ગમખ્વાર માર્ગ અકસ્માતો ટાળવા જવાબદાર તંત્ર દ્વારા ગામના વાસણા રોડ, બસ સ્ટેન્ડ, સતરા શહીદની દરગાહ વગેરે અકસ્માત ઝોન પુરવાર થયેલ ત્રણ કે ચાર રસ્તે બમ્પ બનાવવાની તાતી જરૂરિયાત વર્તાય છે સાથે બેફામ વાહન હંકારી નિર્દોષ લોકોના જીવન સાથે ખેલતા ચાલકો સામે કડક કાર્યવાહી કરવા કાયમી પોલીસ પોઈન્ટ ફાળવવાની પણ ગામલોકોમાંથી માંગ ઉઠી છે.

પ્રાથમિક શિક્ષકસજ્જતા સર્વેક્ષણનું દંગલ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકોમાં વધતો રોષ

૨૪ ઓગષ્ટે યોજાનાર સર્વેક્ષણમાં કેટલા શિક્ષકો ભાગ લેશે !! : શિક્ષકોના સંગઠનની કાર્યરીતી ઉપર ૨ લાખ પ્રા. શિક્ષકોની નજર

બાયડ, તા. ૨૧

રાજયની સરકારી પ્રા. શાળાના ૨ લાખથી વધુ પ્રા. શિક્ષકો માટે તા. ૨૪ ઓગષ્ટે યોજાનારી પ્રાથમિક શિક્ષક સજ્જતા સર્વેક્ષણનું દંગલ સાબરકાંઠા-અરવલ્લીના ૧૪ તાલુકાના પ્રા. શિક્ષકોમાં પણ જોવા મળ્યુ છે. સર્વેક્ષણ આયોજન સામે ૯૦ ટકાથી વધુ પ્રા. શિક્ષકોમાં નારાજગી જગ જાહેર છે પરંતુ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સર્વેક્ષણ યોજવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત થતાં મંગળવારે કેટલા પ્રા. શિક્ષકો ભાગ લેશે !! તેના આધારે કયા શિક્ષક સંગઠનનો વધુ પ્રસ્તાવ છે તે નક્કી થશે. ૨ લાખ પ્રા. શિક્ષકોની સંગઠનની કાર્યરીતી ઉપર નજર ટેકવાઈ છે.

સમગ્ર રાજ્યમાં કોરોનાનું સંકમણ ધીમુ પડ્યુ છે. વરસાદની અછત વધી રહી છે પરંતુ આ બધી બાબતો ભુલાઈ રહી છે અને સરકારી પ્રા. શાળાના શિક્ષકો માટે યોજાનાર શિક્ષક સજ્જતા સર્વેક્ષણનો પ્રા. શિક્ષકોએ વિરોધ કરતાં હવે રાજકીય પક્ષોને પણ તેમાં રસ પડ્યો છે. પ્રા. શિક્ષકોનો વિરોધ વ્યાજબી છે કારણ કે દર મહીને નિયમીત શિક્ષકોની કામગીરી, ગુણવત્તા યુક્ત શિક્ષણ વગેરેની ચકાસણી સ્કૂલ ઈન્સ્પેકશન, બી.આર.સી., સી.આર.સી., તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવે છે. તો પછી પ્રાથમિક શિક્ષક સજ્જતા સર્વેક્ષણની શું જરૂર પડી !!

રાજ્યના પ્રા. શિક્ષણ નિયામક દ્વારા કરાયેલા પરીપત્રનો દેશના શૈક્ષીક સંઘો પણ વિરોધ કરતાં સાબરકાંઠા-અરવલ્લી સહીત ગુજરાત રાજ્યના પ્રા. શિક્ષકોના રોષનો પડઘો દેશ સુધી પહોંચ્યો છે ત્યારે શિક્ષણ વિભાગે પ્રા. શિક્ષકોની સર્વેક્ષણ કસોટી મરજીયાત હોવાનુ જાહેર કરવા છતાં વિરોધ દિવસે દિવસે વધી રહ્યો છે. સાબરકાંઠા-અરવલ્લીના ૯૦ ટકાથી વધુ પ્રા. શિક્ષકોએ સર્વેક્ષણના આયોજન સામે સોશ્યલ મીડીયામાં વિરોધ વ્યક્ત કરતાં તા. ૨૪ ઓગષ્ટે કેટલા પ્રા. શિક્ષકો તેમાં જોડાશે, કેટલા પ્રા. શિક્ષકો હોલ ટીકીટ ડાઉન લોડ કરી તેના ઉપર હવે બન્ને સંગઠનોની નજર છે.

પાલનપુરના એરોમા સર્કલ પાસેથી ઘેટાં બકરાં ભરેલી ૨ ટ્રક ઝડપાઈ

રાજસ્થાનથી કતલખાને જતા ૪૮૮ ઘેટાં બકરાં ભરેલી ૨ ટ્રક સહિત કુલ રૂ. ૧૪.૮૮ લાખનો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

પાલનપુરના એરોમા સર્કલ પાસેથી રાજસ્થાનથી દેવનાર કતલખાનામાં ૪૮૮ ઘેટાં-બકરાં ભરીને જઈ રહેલી ૨ ટ્રક ઝડપાઈ હતી. પોલીસે ઘેટાં-બકરાં ભરેલી બન્ને ટ્રક સહિત કુલ રૂ.૧૪,૮૮,૦૦૦ નો મુદામાલ કબજે કરી ૨ ટ્રક ચાલકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ડીસાના વૈશાલી ફ્લેટ, નેમિનાથ નગર ખાતે રહેતા વકીલ ધર્મેન્દ્ર પી.ફોફાણી ગુરુવારની સાંજે આબુરોડથી ડીસા તરફ આવી રહ્યા હતા. ત્યારે રાત્રીના નવેક વાગ્યાના સુમારે અમીરગઢ પાસે તેઓની આગળ જઈ રહેલી ટ્રક નં. ય્ત્ર-૨૪-ફ-૭૦૯૫ માં ગિચોગીચ ઘેટાં બકરાં ભરેલા હોવાનું ધ્યાને આવતા તેઓએ પાલનપુર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જેને પગલે પોલીસ વાને આ ટ્રકને પાલનપુર એરોમા સર્કલ પાસે ઉભી રાખવી પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશને લઈ આવી હતી. દરમિયાન વકીલ ધર્મેન્દ્ર ફોફાણી પણ ત્યાં દોડી આવ્યા હતા. જ્યાં ટ્રક ચાલક ની પૂછતાછ ચાલી રહી હતી.

દરમિયાન, પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનની બહાર હાઈવે પરથી બીજી ટ્રક નં.ય્ત્ર-૩૧-૦૩૪૧ પસાર થતા તેમાં પણ ઘેટાં બકરાં ભરેલા જણાતા વકીલ ધર્મેન્દ્ર ફોફાણી અને ચૈતન્યકુમાર પોપટલાલ રાણા રહે. વિરબાઈ ગેટ, પાલનપુર વાળાએ આ ટ્રક પણ રોકાવી પોલીસને જાણ કરતા પોલીસે તેના ચાલકની પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની પૂછપરછમાં આ બન્ને ટ્રક ચાલકો (૧)સમશેરખાન દિલાવરખાન પઠાણ રહે.વાઘણા તા. સિદ્ધપુર જી.પાટણ અને (૨) ગફુરખાન જમાલખાન સિંધી રહે.તેજાકીબેરી તા. સાયલા જી.ઝાલોર રાજસ્થાનવાળાએ બન્ને ટ્રકમાં ગિચોગીચ ભરેલ ઘેટાં બકરાં અનુક્રમે જોધપુર અને સીણદરી જી. બાડમેરથી ભરીને દેવનાર કતલખાને લઈ જતા હતા.

સુરક્ષિત

● અનુસંધાન પહેલાનું ચાલ

નેટવર્કને સોંપી છે. હક્કાની નેતવર્કના આતંકીઓ કાબુલના રસ્તાઓથી લઈને એરપોર્ટ સુધી તૈનાત છે. આ બધા વચ્ચે હક્કાની નેટવર્કનો મોસ્ટ વોન્ટેડ આતંકી ખલીલ હક્કાની પણ કાબુલમાં જોવા મળ્યો. તેના ઉપર અમેરિકાએ ૫ મિલિયન ડોલર એટલે કે ૩૭ કરોડ રૂપિયાથી વધુનું ઈનામ રાખ્યું છે. તેણે કહ્યું કે અફઘાનિસ્તાનની સુરક્ષા તેની પ્રાથમિકતા છે.

આ બાજુ તાલિબાનના પ્રવક્તા અહેમદુલ્લાહ વાસેકે અફઘાન મીડિયાનો એ આરોપ ફગાવ્યો છે જેમાં કહેવાયું છે કે ભારતીય નાગરિકોનું અપહરણ કરાયું છે.

વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલ

મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ અને ગાઝિયાબાદના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને સ્થાનિકોને પણ એનાથી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ઢની આગાહી મુજબ, ૨૩ ઓગસ્ટ સુધી પૂર્વોત્તર ભારત, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને પંજાબમાં ભારે વરસાદ પડી શકે છે. બિહારમાં આજે અને આવતીકાલે અનેક વિસ્તારોમાં તૂટક-તૂટક વરસાદની સંભાવના છે. ઉત્તર દિલ્હી, ઉત્તર પૂર્વ દિલ્હી અને હરિયાણાના કેટલાક ભાગોમાં હળવો વરસાદ તો કેટલાક સ્થળે ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના છે.

૮૫ ભારતીયોને

● અનુસંધાન પહેલાનું ચાલ

છે. છેલ્લા ૬ કલાકથી ભારતીય નાગરિકો ત્યાં રાહ જોઈ રહ્યા છે. તેમણે સુરક્ષાનો હવાલો આપીને જલદી અંદર દાખલ થવાની માગણી કરી છે.

અફઘાનિસ્તાનમાં ફસાયેલા પોતાના નાગરિકોને બહાર કાઢવા માટે ભારત સ્પેશિયલ ઓપરેશન ચલાવી રહ્યું છે. કેટલાક નાગરિકોને અગાઉ કાબુલથી એરલિફ્ટ કરી લેવાયા હતા. એરફોર્સનું ઝ૧૭ વિમાન અન્ય ભારતીયોને લેવા માટે કાબુલ પહોંચ્યું છે. જો કે ક્યાંરનું તે વિમાન રનવે પર ઊભું છે. કારણ કે ભારતીયોને હાલ એરપોર્ટમાં દાખલ થવાની મંજૂરી મળી નથી.

૨૪મીએ લોકાર્પણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડિઝાઈન કરાયુ છે. મુલાકાતીઓ અવરોધ વિના કુદરતી વાતાવરણમાં વન્ય જીવોને નિહાળી શકશે. વન્ય જીવો માટેના આધુનિક આવાસોમાં ખોરાક , પાણી સારવાર સહીત તમામ ઋતુઓમાં રક્ષણ મળી રહે તે મુજબની સુવિધાઓ ઉભી કરાઈ છે. સફેદ વાઘનુ નામ ગૌતમ ઉં ૨.૫ વર્ષ તેમજ માંદા વાઘ સૃષ્ટી ઉં.૧૭ વર્ષ ગુજરાત રાજયના વિવિધ ઝુમાં થી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં લવાયા છે. જયારે સિંહની પ્રખ્યાત જોડ નર સિંહ સુત્રા, ઉ ૧૩ વર્ષ માંદા ગ્રીવા વય ૧૧ વર્ષ ને પણ ઓપન મોટમાં નિહાળી શકાશે. આ ઉપરાંત ભારતીય દિપડામાં નર વીર, ઉ ૧૪.૫ વર્ષ , જીગર નર ઉં ૧૩ વર્ષ , માંદા ગ્રીષ્મા વય ૧૨ વર્ષ , જાનવી માંદા ૧૧ વર્ષ ઓપન ટુ સ્કાય પ્રકારના આધુનિક આવાસમાં મુકત રીતે વિહરતા નિહાળી શકાશે. પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રાણી સંગ્રાહલયમાં નવ નિર્મિત આવાસો તેમજ વાઘની જોડીના પ્રદર્શન માટે તા ૨૪ ઓગષ્ટના રોજ વનમંત્રીના હસ્તે સવારે ૧૦ કલાકે લોકાર્પણ કરાશે. આ તબક્કે વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ, અગ્રમુખ્ય વનસંરક્ષક તેમજ વિભાગના અન્ય અધિકારીઓ પણ હાજરી આપશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ